ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
જૂના સચિવાલય પાસે, સેકટર-૧૦.બી, ગાંધીનગર

# શિક્ષક રજીસ્ટ્રેશન માટેની અગત્યની સૂચનાઓ

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, વર્ષ-2022 ની પરીક્ષા માટે ફક્ત યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકશ્રીઓની જ એન્ટ્રી શિક્ષક રજીસ્ટ્રેશનમાં કરવી. પૂરતી યોગ્ય લાયકાત વગર રજીસ્ટ્રેશન કરવામાં આવશે તો બોર્ડ દ્વારા નિયમાનુસાર પગલાં લેવામાં આવશે.
- HSCના ઇન્ડેક્ષ નંબર પર શિક્ષકશ્રીઓનું રજીસ્ટ્રેશન કરતી વખતે H.S.C. SCIENCE, H.S.C. GENERAL અને અન્ય તમામ પ્રવાહો (જે આપની શાળામાં ચાલતા હોય) તેના તમામ શિક્ષકોની એન્ટ્રી એક સાથે કરવી. એકવાર CONFIRM ✓ ટીક કરી LOCK (FREEZE) કર્યા બાદ UNLOCK કરી શકાશે નહીં.
- સ્વનિર્ભર શાળાઓએ તેઓની શાળામાં કામગીરી કરતા તમામ શિક્ષકોની નોંધણી તેઓને મળેલ શૈક્ષણિક લાયકાતની વિગતો જાતે ચકાસીને ભરવાની રહેશે. બોર્ડ દ્વારા આ વિગતો સંબંધિત FEE REGULATION COMMITTEE ને ધ્યાને મૂકવામાં આવશે. જેની સંબંધિત શાળાઓએ નોંધ લેવી.
- શિક્ષક રજીસ્ટ્રેશન બાદ જેટલા પણ શિક્ષકોની નોંધણી કરી હોય તે તમામ શિક્ષકોને તેની નકલ બતાવી તેમના હસ્તાક્ષરવાળી નકલ આચાર્યશ્રી પોતાની પાસે રાખવાની રહેશે. અને નોંધાયેલ તમામ શિક્ષકોને એક નકલ આપવાની રહેશે. શિક્ષક તરફથી હકીકતલક્ષી વિસંગતતા હોય તો online સુધારો કરી શકાશે. બોર્ડ દ્વારા જ્યારે માંગવામાં આવે ત્યારે નકલ રજૂ કરવાની રહેશે.
- ખાનગી શાળાના શિક્ષકો માટે ભરવામાં આવેલ અનુભવનું પ્રમાણપત્ર ખાનગી શાળાના આચાર્યશ્રીએ આપવાનું રહેશે. જે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રના નિયામકશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે.
- વર્ષ-2019થી ધો.12 વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી હોઇ, વિજ્ઞાનપ્રવાહના વિષય, પ્રાયોગિક વિષય તથા શિક્ષકોની લાયકાતો ખૂબ જ ધ્યાનથી અને ચોક્કસાઇ પૂર્વક ભરાય તેની કાળજી રાખવાની રહેશે.
- જે શિક્ષકો વાસ્તવિક રીતે જે વિભાગમાં (માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક) ફરજ બજાવતા હોય તે વિભાગમાં જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. શિક્ષક રજીસ્ટ્રેશન કરતી વખતે માધ્યમિકના ઇન્ડેક્ષ નંબર પર ફક્ત માધ્યમિકના અને ઉચ્ચતર માધ્યમિકના ઇન્ડેક્ષ નંબર પર ફકત ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકોનું જ રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે. પ્રાથમિક વિભાગના શિક્ષકોનું રજીસ્ટ્રેશન કરવાનું થતું નથી. માહિતી ભરવામાં ભૂલ ના થાય તેની પૂરતી કાળજી લેવાની રહેશે.
- સળંગ એકમવાળી શાળાઓ કે જ્યાં એક જ શિક્ષક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બંનેમાં વિષયો ભણાવતા હોય તેવા કિસ્સામાં જો શિક્ષકની લાયકાત Graduation + B.Ed હોય તો તેઓની નોંધણી માધ્યમિકના ઇન્ડેક્ષ નંબર પર અને લાયકાત જો Post Graduation + B.Ed હોય તો જ તેઓની નોંધણી ઉચ્ચતર માધ્યમિકના ઇન્ડેક્ષ નંબર પર કરવાની રહેશે. કોઇ પણ સંજોગોમાં એક વ્યક્તિની(શિક્ષકની) નોંધણી એક જ ઇન્ડેક્ષ પર કરવાની રહેશે. જો અગાઉના વર્ષમાં ભૂલથી એક શિક્ષકનું રજીસ્ટ્રેશન એક કે

તેથી વધુ અલગ અલગ ઇન્ડેક્ષ નંબર પર કરેલ હોય તો જે વિભાગમાં શિક્ષકની નોંધણી રદ કરવાની હોય તે વિભાગના ઇન્ડેક્ષ નંબરમાં લોગીન કરી તે શિક્ષકને Inactive પર Click કરી નોંધણી રદ કરવાની રહેશે.

- કુલ અનુભવની વિગત અને જે તે વિષયના અનુભવની વિગત અલગ-અલગ અને ચોકકસાઇથી ભૂલરહિત ભરવાની રહેશે. શાળા દ્વારા ભરેલી વિગત અનુસાર જ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર માટેના ઓર્ડરનું મેરીટ તૈયાર કરવામાં આવશે.
- મૂલ્યાંકનની કામગીરી માટે શિક્ષક રજીસ્ટ્રેશનના આધારે શિક્ષકોની નિમણૂંકના ઓર્ડર કરવામાં આવે છે. આથી જે-તે શિક્ષક જે વિષયનું શિક્ષણકાર્ય કરાવતા હોય તે જ વિષય/વિષયોમાં તેનું રજીસ્ટ્રેશન (Preferred Subject માં) કરવું. શાળા આચાર્યશ્રીએ તમામ શિક્ષકોની વિગત ચકાસી લેવાની રહેશે.
- સ્વનિર્ભર/ગ્રાન્ટેડ/સરકારી શાળાઓના શિક્ષક રજીસ્ટ્રેશનના આધારે બોર્ડ દ્વારા થતી મૂલ્યાંકનની કામગીરી માટે ઓર્ડરો આપવામાં આવે છે. આ કામગીરી માટે શિક્ષકોને ફરજીયાત મોકલવાના રહેશે અન્યથા તે અંગે નિયમોનુસાર પગલાં લેવામાં આવશે.
- શિક્ષક રજીસ્ટ્રેશનમાં રજીસ્ટર્ડ થયેલા શિક્ષકોની ભરતી/રાજીનામા/છૂટા કર્યા બાબતે યોગ્ય રેકર્ડ શાળા દ્વારા સાચવવાનો રહેશે. જે બોર્ડ માંગે ત્યારે ચકાસણી માટે રજૂ કરવાનો રહેશે.
- શિક્ષક રજીસ્ટ્રેશન કરતી વખતે શિક્ષકની માહિતીમાં જે-તે શિક્ષકનો પોતાનો જ મોબાઇલ નંબર ભરવાનો રહેશે. શાળાના અન્ય કર્મચારીનો મોબાઇલ નંબર ભરવો નહીં.
- શિક્ષક રજીસ્ટ્રેશનના આધારે મૂલ્યાંકનની કામગીરીમાં બોર્ડ દ્વારા ઓર્ડર કરવામાં આવે ત્યારે શાળાએ તે શિક્ષકને ફરજીયાત જવાબવહી મૂલ્યાંકનની કામગીરી કરવા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર મોકલવાના રહેશે. આમ કરવાની ચૂક શાળા મંડળ/આચાર્યશ્રી ની ગેરશિસ્ત ગણવામાં આવશે. અને બોર્ડ દ્વારા ગેરશિસ્ત બદલ પગલાં લેવામાં આવશે.

**<u>ખૂબ અગત્યનું</u>:-**

- ધો.10 અને ધો.12ની પરીક્ષામાં પોતાનું સંતાન/સગાસંબંધી પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તો પણ મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી કરવાની રહેશે. તે બાબતે બોર્ડમાં મુક્તિ માટે વિનંતી કરવી નહિં.
- શિક્ષકશ્રીઓ પોતાની વિગત બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર જઇ Teacher Registration પર Click કરી "**View Teacher Registration**" પર ક્લીક કરી જોઇ શકાશે. શિક્ષકોએ જાતે પણ પોતાના રજીસ્ટ્રેશનની ખરાઇ કરવાની રહેશે.
- જો આપે teacher registration માં CONFIRM ✓ ટીક કરી LOCK (FREEZE) કરી દીધું હોય અને કોઇ ખાસ સંજોગોમાં શિક્ષકની માહિતીમાં સુધારા કરવાના બાકી હોય તો Unlock કરાવવા માટે શાળાના લેટરપેડ પર શાળાનો ઇન્ડેક્ષ નંબર, શાળાના નામ-સરનામા સાથેની અરજી પ્રિન્સીપાલના સહી-સિક્કા સાથે teachergseb@gmail.com પર મોકલી આપવી.
- ખાસ નોંધ લેશો કે શિક્ષક રજીસ્ટ્રેશનની સમગ્ર પ્રક્રિયા ક્ષતિરહિત થાય, સાચી અને રેકર્ડ આધારિત વિગતો એન્ટર થાય તે જોવાની જવાબદારી સંબંધિત આચાર્યશ્રી તેમજ શાળામંડળની રહેશે.

સહી/-

નાયબ નિયામક (પરીક્ષા)

ગુજરાતમાધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર